| PUBLICATION NAME : | Sandesh (City Life) |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 21/06/24 |
| PAGE : | 1 |

# EDIIના કોન્વોકેશનમાં ૭૮ વિદ્યાર્થીઓને ફેલો અને ડિપ્લોમાની પદવી એનાયત થઇ



**સિટી લાઈફ** । ભારત સરકારના સ્કિલ ડેવલોપમેન્ટ અને આંત્રપ્રિન્યોરશિપ મિનિસ્ટ્રી દ્વારા માન્યતા પ્રાપ્ત 'સેન્ટર ઓફ એક્સલન્સ' ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થાન (EDII) અમદાવાદ દ્વારા ૧૯ મી જૂન ૨૦૨૪ના રોજ એકેડમિક પ્રોગ્રામ અંતર્ગત ૨૩માં દીક્ષાંત સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દીક્ષાંત સમારોહમાં કુલ ૭૮ વિદ્યાર્થીઓને ડિપ્લોમા અને ફેલોની પદવી એનાયત કરવામાં આવી હતી, જેમાં ૭૪ પોસ્ટ ગ્રેજ્યુએક્ટ ડિપ્લોમા અને ૪ ફેલોનો સમાવેશ થાય છે. આ ભવ્ય દીક્ષાંત સમારોહમાં ચીફ ગેસ્ટ તરીકે નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા (NSE)ના એમ.ડી. અને સીઈઓ આશિષકુમાર ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા. આશિષકુમારે સ્નાતક થયેલા વિદ્યાર્થીઓને સ્કોલેસ્ટિક મેડલ એનાયત કર્યા હતા તેમજ દીક્ષાંત સમારોહને સંબોધિત પણ કર્યું હતું. આ દીક્ષાંત સમારોહમાં ઈડીઆઈઆઈના ડાયરેક્ટર જનરલ ડૉ. સુનિલ શુક્લાએ મુખ્ય મહેમાન અને અન્ય મહેમાનોનું સ્વાગત કર્યું હતું.